નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/૦૦૧
જી.આઇ.ડી.સી,
વડી કચેરી, ગાંધીનગર
તા.૦૬/૦૧/૨૦૨૦.

# // પરિપત્ર //

વિષય:- નિગમ દ્ધારા જાહેર હરાજીથી મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર્સ/ બેઝ ટ્રાન્સરીસીવર સ્ટેશન પોલ માટે ફાળવવામાં આવેલ પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ બાબત.

સંદર્ભ:- (૧) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ/ સીઆઇઆર / વિતરણ/ પોલીસી /૧૩, તા.૦૧/૦૨/૨૦૧૬

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર / વિતરણ/પોલીસી /૬/ ૨, તા.૦૧/૦૧/૨૦૧૧

નિગમ દ્ધારા વિવિધ વસાહતોમાં મોબાઇલ કંપનીઓને ૩૦ ચો.મી. સુધીની જગ્યા જાહેર હરાજીથી મોબાઇલ ટેલીકોમ્યુનેશન ટાવર્સ / બીટીએસ પોલની સ્થાપવા માટે ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની નિગમને રજૂઆત મળતા અને આવા પ્રકારના કિસ્સાઓ માટે કોઇ નીતિ ન હોય, નિગમ દ્ધારા જાહેર હરાજીથી મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર્સ / બેઝ ટ્રાન્સરીસીવર સ્ટેશન પોલ માટે ફાળવવામાં આવેલ પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ બાબતે કાર્યસૂચિ ક્રમાંક:૪/પો.વિતરણ/૫૦૫/૨૦૧૯, નિગમની ૫૦૫ મી સભા સમક્ષ સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ દ્ધારા થયેલ ઠરાવ ક્રમાંક:૩૬/પો.વિતરણ/૫૦૫/૨૦૧૯, અન્વયે, મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર્સ/બેઝ ટ્રાન્સ રીસીવર સ્ટેશન પોલ માટે જાહેર હરાજીથી ફાળવણી થયેલ પ્લોટના સ્વૈચ્છિક પરત સોંપણીના કિસ્સામાં નીચે મુજબની શરતોને આધીન સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

(૧) પ્લોટનુ હરાજીથી વિતરણ થયેલ હોઇ, ફાળવણીદાર દ્ધારા કેપીટલ પેટે ભરેલ રકમમાંથી નિગમના બાકી લ્હેણા વસુલ કરી તથા ફાળવણી કિંમતના (હરાજીની રકમના) ૧૦ ટકા વહીવટી ચાર્જ બાદ કરી રીફંડની ગણતરી કરવાની રહેશે. વધુમાં સર્વિસ /વોટર /નોટિફાઇડ ટેક્ષ/ ડ્રેનેજ સેસ/ અન્ય લગત ચાર્જિસની ફાળવણીદાર પાસેથી વસુલાત કરવાની રહેશે.

(૨) આ નીતિ ફકત ખુલ્લા / વણવપરાશી પ્લોટ માટે જ લાગુ પાડવાની રહેશે. આમ છતાં, જો કોઇ પણ ફાળવણીદાર બાંધકામ સાથેનો પ્લોટ નિગમને પરત કરવા સંમતિ આપે તો તેવા કિસ્સામાં બાંધકામનું અથવા પડી રહેલ મશીનરી / માલ-સામાનનું કોઇપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી. કોઇપણ પ્રકારની માલ-સામાન / મશીનરી પડી રહેલ હોય તો મિલ્કત પરત સોંપણી અરજી કરતાં પહેલા ફાળવણીદારે પોતે તેઓની જાતે નિકાલ કરી મિલ્કત ચોખ્ખી કરવાની રહેશે.

(૩) સ્વૈચ્છિક પરત સોંપણી યોજનાનો લાભ મેળવતા ફાળવણીદારે તેઓની મિલ્કત અન્ય કોઇપણ જાતના બોજા રહિત નિગમને પરત સોંપવાની રહેશે અને ભવિષ્યમાં આ અંગે કોઇ વાદ વિવાદ કે તકરાર કરશે નહી તે બાબતનું ફાળવણીદારે નિગમને બાંહેધરી ખત પુરુ પાડવાનું રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

સહી/-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.

(૩) જ.મે.શ્રી (એસએન્ડએ),જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ
મેનેજર (મહેકમ)